ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



શ્વેતા શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨



નવલસિંહ ગોહિલ
મો. ૭૮૭૮૯ ૯૫૦૫૦

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા

# અકિંચન બાળકો માટે આધાર કાર્ડનો કૅમ્પ



સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા ચરેડી-૨ છાપરા ખાતે પાંચ વર્ષ સુધીની વયનાં બાળકો માટે આધાર કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના હોદ્દેદારો સાથે આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં સ્થાનિક નગરસેવક હર્ષાબા ધાધલ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોનાં વાલીઓને આધાર કાર્ડના મહત્ત્વ, તેની ઉપયોગીતા અંગે વિગતે સમજ આપવામાં આવી હતી અને ઘરઆંગણે મળી રહેલી આધાર કાર્ડની સુવિધાનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વાલીઓએ આ અપીલનો સકારાત્મક પ્રતિસાદ આપતાં આધાર કાર્ડ માટેની કામગીરીનો લાભ લીધો હતો.

૧૭થી ૧૯ જુલાઈ દરમિયાન

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા ઈન્ટર-સ્કૂલ ફૅસ્ટ યોજાશે

### ૧૭મીએ ક્વિઝ કૉમ્પિટીશન, ૧૮મીએ ટૅલેન્ટ શો અને ૧૯મીએ ડાન્સ કૉમ્પીટીશન

ગાંધીનગર, તા. ૧૦

માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા ગત વર્ષની માફક આ વર્ષે પણ સ્પાર્ક્સ નામના ઈન્ટર-સ્કૂલ કલ્ચરલ ફૅસ્ટિવલનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

સ્કૂલ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે ગત વર્ષ દરમિયાન આરંભ કરવામાં આવેલા આ ફૅસ્ટિવલને શહેરની શાળાઓનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ વખતે પણ આ ફૅસ્ટિવલમાં ૨૦ જેટલી સ્કૂલ્સ ભાગ લઈ રહી છે.

ત્રિદિવસીય સ્પાર્ક્સ ઈન્ટર-સ્કૂલ ફૅસ્ટનો પ્રારંભ ૧૭મી જુલાઈથી થઈ રહ્યો છે. ૧૭મીએ ક્વિઝ કૉમ્પિટીશન, ૧૮મીએ ટૅલેન્ટ શો અને ૧૯મીએ ડાન્સ કૉમ્પીટીશનનું આયોજન આ ફૅસ્ટિવલ અંતર્ગત કરવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

સવાલ એ નથી
કે તું
મારી સંગાથે
ચાલે છે કે નહીં
સવાલ એ છે કે
હું તારી સંગાથે
ચાલુ છું કે નહીં

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાબતા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મમી (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ મમી (૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧૨.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૫**
રાબતા
સવારે ૧૦.૦૦
બહેન હોગી તેરી
૧.૦૦, ૪.૦૦
૭.૧૫, ૧૦.૧૫

# ફી નિર્ધારણ ન માનનારી સ્કૂલ્સ સામે અમદાવાદ ખાતે વાલીઓનાં ધરણાં

### ધરણાંથી કોઈ પરિણામ ન મળ્યું પરંતુ આગામી દિવસોમાં આંદોલન વધુ બનાવવા માટે વાલીઓએ મક્કમતા દર્શાવી

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં ફી નિર્ધારણ કાયદો અમલમાં આવ્યા બાદ પણ કેટલીક સ્કૂલો તેનું પાલન કરતી નથી. આવા સ્કૂલ સંચાલકોની આંખ ઉઘડે અને તેઓ કાયદાનું કડક પાલન કરે તે માટે તથા શિક્ષણને લગતા અન્ય મુદ્દાઓને લઈને શુક્રવારે સવારે આઠ વાગ્યાથી વાલીઓ ગાંધીઆશ્રમ પાસે અનાજનો ત્યાગ કરી ધરણા પર બેઠા હતા. જોકે રાતે ૮ વાગ્યા સુધી વાલીઓ ધરણા પર બેસી રહ્યા હોઈ રાણીપ પોલીસે ત્યાં બેસેલા વાલીઓની અટકાયત કરી આંદોલન નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

સરકાર ફી નિયમન વિધેયક બાદ રોજરોજ નવા નવા સ્ટેટમેન્ટ આપી સ્કૂલો પર સકંજો મજબુત કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ તેનું ચોક્કસ પાલન થતું નથી. ઉપરાંત સ્કૂલના સંચાલકો સરકારના નિયમોને ઘોળીને પી ગયા હોય તેમ પાલન કરતા નથી. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો પણ ઉલ્લંઘન કરવામાં આવે છે. આમ શિક્ષણને લગતા વિવિધ પ્રશ્નો તથા સ્કૂલોની દાદાગીરી સામે પેરેન્ટસ એકતા મંચના નેજા હેઠળ વોઈસ ઓફ પેરેન્ટસના કેમ્પઈનમા વાલીઓ સાથે ગાંધી ચિંધ્યા માર્ગે અનાજનો ત્યાગ કરી ગાંધીઆશ્રમની સામે શુક્રવારના રોજ સવારે ૮ વાગ્યાથી ધરણા પર બેઠા હતા. વાલીઓ સવારથી ધરણા પર બેઠા હતા. પોલીસે તેમને બપોરના ૧૨ વાગ્યા સુધી જ બેસવાની મંજૂરી આપી હતી. પરંતુ વાલીઓ ૨૪ કલાક સુધી ધરણા પર બેસવા મક્કમ હોઈ સાંજ સુધી પોલીસે કંઈ કર્યુ ન હતું. પરંતુ રાતે ૮ વાગ્યે રાણીપ પોલીસે ધરણા પર બેસેલા વાલીઓની અટકાયત કરી ધરણાને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. વાલીઓને ત્યાંથી ખસેડી લેવાયા હતા. જો કે વાલીઓ આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવા મક્કમ જણાઈ રહ્યા છે.

# બીએડ કોલેજમાં રજિસ્ટ્રેશનની મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી બી.એડ કોલેજોમાં પ્રવેશ માટે ૫મી જૂન સુધી રજિસ્ટ્રેશનની સમયમર્યાદા નક્કી કરાઈ હતી. જો કે, બી.કોમ સહિતના ટી.વાય.ના પરિણામો આવ્યા ન હોવાના કારણે રજિસ્ટ્રેશનની અવધિ લંબાવીને ૨૦મી જૂન કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૩૧૭૦ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેની સામે ૨૬૩૩ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ સબમીટ કરાવી દીધા છે. આગામી દિવસોમાં હજુ વધુ ૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવે તેવી શક્યતા છે. આ સ્થિતિમાં આ વખતે બીએડમાં પ્રવેશ માટે સામાન્ય ધસારો રહે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

# ધો-૧૧ સાયન્સ માટે અનામત કેટેગરીમાં ૧૪મીથી પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૦

ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટે સ્કૂલોએ શુક્રવારે ત્રીજી મેરિટ યાદી જાહેર કરી હતી. આમ, ત્રીજી મેરિટ યાદી સાથે વર્ગ દીઠ ૫૦ વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થશે. હવે સાયન્સ સ્કૂલોમાં વર્ગ દીઠ અનામત કેટેગરીના ૧૬ વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેના માટે ૧૪ અને ૧૫ જૂનના રોજ શહેરની આઠ સ્કૂલોમાંથી ફોર્મ મળશે અને ભરીને ત્યાં જ પરત જમા કરાવવાના રહેશે. ત્યાર બાદ ૧૯ જૂનના ડીઈઓ કચેરી દ્વારા અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાશે.

અનુસાર ધોરણ-૧૧ સાયન્સમાં પ્રવેશ માટે કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્કૂલોએ પોતાના ૪૦ વિદ્યાર્થીઓ અને અન્ય સ્કૂલના ૧૦ વિદ્યાર્થીઓની પ્રવેશ કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીમાં સ્કૂલોમાં શુક્રવારે ત્રીજી પ્રવેશ યાદી જાહેર કરવામાં આવી હતી. ત્રીજી પ્રવેશ કાર્યવાહીમાં સ્કૂલોનું મેરિટ ૫૦થી ૬૦ ટકા વચ્ચે અટક્યું હતું. જ્યારે અમુક સ્કૂલોનું મેરિટ આના કરતા પણ નીચું ગયું હતું.

વર્ગ દીઠ ૫૦ જેટલા વિદ્યાર્થીઓની કાર્યવાહી હવે પુર્ણ થઈ રહી છે ત્યારે અમદાવાદ ડીઈઓ કચેરી દ્વારા ૧૪ જૂનથી અનામત કેટેગરીની ૧૬ બેઠકો માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અનામત કેટેગરી માટે ૧૪ અને ૧૫ જૂનના રોજ અમદાવાદ શહેરની આઠ સ્કૂલમાંથી ફોર્મ વિતરણ અને સ્વિકારની કાર્યવાહી હાથ ધરાશે. ત્યાર બાદ ૧૯ જૂનના રોજ રાયખડ ખાતેની કન્યા શાળા ખાતે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે.

# સાયન્સની ખાસ પરીક્ષા ૧૮થી ૩૦ જૂન

### ઓક્ટોબર-૨૦૧૧થી માર્ચ-૨૦૧૭ સુધીમાં સેમેસ્ટર-૧, ૨, ૩ અને ૪ પૈકી કોઈ પણ સેમેસ્ટરમાં કોઈ પણ વિષયમાં ગેરહાજર વિદ્યાર્થીઓ આ ખાસ પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે

ગાંધીનગર, તા. ૧૦

ધોરણ-૧૧, ૧૨ સાયન્સમાં ગેરહાજર રહેનારા વિદ્યાર્થીઓની ખાસ પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું આયોજન કરાયું છે. આ ખાસ પરીક્ષા ૧૮ જૂનથી ૩૦ જુન દરમિયાન ગાંધીનગર કેન્દ્ર ખાતે લેવાનું નક્કી કરાયું છે. જેનો વિગતવાર કાર્યક્રમ બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જાહેર કરાશે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે વિદ્યાર્થીઓએ ૧૩ જૂન સુધીમાં બોર્ડ સમક્ષ અરજી કરવાની રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ રદ કરવામાં આવી છે. જેથી ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ સાયન્સમાં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને પાસ થવાની તક મળી રહે તે માટે રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ પરીક્ષા લેવાનું આયોજન કર્યુ છે. ઓક્ટોબર-૨૦૧૧થી માર્ચ-૨૦૧૭ સુધીમાં સેમેસ્ટર-૧, ૨, ૩ અને ૪ પૈકી કોઈ પણ સેમેસ્ટરમાં કોઈ પણ વિષયમાં ગેરહાજર વિદ્યાર્થીઓ આ ખાસ પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

બોર્ડ દ્વારા ગેરહાજર ઉમેદવારો માટેની ખાસ પરીક્ષા ૧૮ જૂનથી ૩૦ જૂન સુધીમાં ગાંધીનગર કેન્દ્ર ખાતે લેવાનું આયોજન કર્યુ છે. બોર્ડ દ્વારા પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા વિદ્યાર્થીઓએ શાળાનો પરિપત્ર તથા અરજી પત્રકનો નમુનો કે જે બોર્ડની વેબસાઈટ પર મુકાયો છે તેમાં જરૂરી વિગતો ભરી આચાર્યના સહી સિક્કા તથા પરીક્ષા ફીનો સચિવના નામના ડ્રાફ્ટ સાથે બોર્ડની કચેરી સમક્ષ ૧૩ જૂન સુધીમાં અરજી જમા કરાવવાની રહેશે.

આરટીઈમાં પહેલાં પ્રવેશ માટે અને હવે

# પ્રવેશ રદ કરાવવા વાલીઓની દોડધામ

### તાજેતરમાં આવેલી ફિલ્મ 'હિન્દી મીડિયમ' જેવો ઘાટ ઘડાયો : ખોટા પુરાવા આપી વાલીઓએ પ્રવેશ મેળવ્યો ને હવે તંત્રની ધોંસ વધતાં પ્રવેશ રદ કરાવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૦

રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઈ) અંતર્ગત અનેક વાલીઓએ પોતાના સંતાનોને બોગસ પ્રવેશ અપાવ્યા હોવાની માહિતીના આધારે ડીઈઓ કચેરી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ખોટા પુરાવા ઊભા કરનારા વાલીઓ અને પુરાવા બનાવનાર અધિકારીઓને જેલના સળીયા પાછળ ધકેલવાની કાર્યવાહીની ચીમકીના પગલે બોગસ પ્રવેશ અપાવનારા વાલીઓ પ્રવેશ રદ કરાવવા માટે દોડધામ કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં તો ઘણા વાલીઓએ સ્કૂલમાં જઈને સામેથી તેમના બાળકનો આરટીઈ અંતર્ગત થયેલો પ્રવેશ રદ કરવા જણાવ્યું હતું.

આરટીઈ અંતર્ગત આ વખતે ઓનલાઈન પ્રવેશ ફાળવવાનું નક્કી કરાયું હતું. જેમાં વાલીઓએ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા અને તેમને ઓનલાઈન પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જોકે, ઓનલાઈન પ્રવેશ ફાળવવામાં આવ્યા બાદ વાલીઓ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે સ્કૂલોમાં ગયા હતા. જેમાં ઘણા વાલીઓના બાળકો ઈઈ એક્ટ અંતર્ગત પ્રવેશ માટે લાયક ન હોવા છતાં તેમને પ્રવેશ મળી ગયું હોવાનું બહાર આવ્યું હતું. ઘણા કિસ્સામાં વાલીઓએ ખોટા પુરાવા ઊભા કરી તેમના બાળકોના સારી ગણાતી સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

રાજ્યના શિક્ષણ વિભાગ સુધી આરટીઈ અંતર્ગત ખોટા પુરાવાના આધારે પ્રવેશ ફાળવવામાં આવ્યા હોવાની ફરિયાદ પહોંચતા પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તાત્કાલીક તમામ ડીઈઓને પરિપત્ર કરી આરટીઈમાં ફાળવેલા તમામ બાળકોના પ્રવેશની ચકાસણીનો આદેશ આપ્યો હતો, જેનો અહેવાલ ૩૦મી સુધીમાં આપવા માટે આદેશ કરાયો છે. જેથી ૩૦ જૂન પછી ખરેખર કેટલા વિદ્યાર્થીઓએ બોગસ પ્રવેશ લીધા છે તે બહાર આવશે.

દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા તપાસ માટે આદેશ આપ્યા છે તેમાં ખોટા પુરાવાના આધારે પ્રવેશ મેળવ્યો હોય તો તેવા વાલીઓ સામે પોલીસ ફરિયાદ કરવાની સૂચના આપવામાં આવી હોવાના સમાચાર છે. ઉપરાંત ખોટા પુરાવા ઊભા બનાવનાર અધિકારીઓ સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવાનો આદેશ કરતા વાલીઓમાં ભય ફેલાયો છે. આ ભયના પગલે વાલીઓ સ્કૂલો પર જઈ આરટીઈના પ્રવેશ રદ કરાવવા માટે દોડધામ કરતા નજરે પડી રહ્યા છે. ઘણા કિસ્સામાં તો વાલીઓએ પોતાને સ્કૂલ પસંદ નથી તેમ જણાવી પ્રવેશ રદ કરાવી દીધા છે.

# જીટીયુના પાંચ વિદ્યાર્થીઓની શોધ આંતરરાષ્ટ્રીય સ્તર પર

### ઇનોવેશન જીનિયસ એવોર્ડ પણ મળ્યા છે : આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃતિ, પુરસ્કાર પ્રાપ્ત વિદ્યાર્થીઓને રૂપાણીની શુભેચ્છા : અકસ્માત નિવારણને લઇને શોધ

અમદાવાદ, તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીની આજે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી જીટીયુના પાંચ હોનહાર યુવા વિદ્યાર્થી જેમના નાવિન્યપૂર્ણ સંશોધનોને આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રીયસ્તરે સ્વીકૃતિ અને પુરસ્કાર મળ્યા છે. તેમણે શુભેચ્છા મુલાકાત લીધી હતી. જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. નવિન શેઠ અને રજિસ્ટ્રાર બિપીન ભટ્ટ સાથે મુખ્યમંત્રીને મળેલા આ યુવા છાત્રોને વિજય રૂપાણીએ તેમના આ આવિષ્કરણનો વ્યાપક લાભ સામાન્ય માનવીને મળે તથા ગ્લોબલ વૉર્મિંગના પડકારો સામે ગુજરાતનું યુવાધન પોતાના સંશોધનથી ઉત્તમ યોગદાન આપે તેવી શુભકામના પાઠવી હતી.

આ યુવા છાત્રોમાં શરદ પારેખ એ દેશનો એક માત્ર યુવાન છે જેના સ્ટુડન્ટ સ્ટાર્ટઅપની પસંદગી ગ્લોબલ સોલ્યુશન પ્રોગ્રામના ફ્લેગશીપ ઈનીશીયેટીવ તરીકે થઈ છે. તેણે ક્લાયમેટ ચેન્જ અને ગ્લોબલ વૉર્મિંગથી આવનારા દશકાઓમાં માનવજાતને બચાવવાનો નવતર પ્રોજેક્ટ પ્રસ્તુત કર્યો હતો. જ્યારે અંજલિ જૈનને ઈનોવેશન જિનિયસ એવોર્ડમાં રાષ્ટ્રીયસ્તરે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓફ મેન્યુઅલ રેન્જ ઓફ એગ્રીકલ્ચર ડિવાઈસ એન્ડ પોલ્યુશન કંટ્રોલ ડિવાઈસ માટે એવોર્ડ મેળવ્યો છે. તાહા જિરૂવાલાને ૧ લાખનો પુરસ્કાર અને પ્રથમ ઈનામ એમ એચ આરડીના હેકઝાથોનમાં દિવ્યાંગ અને સામાન્ય વિદ્યાર્થી વચ્ચેની અભ્યાસગેપની પૂર્તિ માટેના ઈનોવેશન માટે પ્રાપ્ત થયું છે.

જીટીયુના જ મિત શાહને મોનિટરીંગ ઓફ એક્ઝામિનેશન સિસ્ટમ બેઈઝ્ડ ઓન જીઓ ટેગીગ એન્ડ બાયોમેટ્રિક ઓથેન્ટીકેશનના સંશોધન માટે ૧ લાખ અને એવોર્ડ પણ એમએચઆરડી હેકઝાથોનમાં મળ્યા છે. રવિ શર્માને પણ આ જ હેકઝાથોનમાં ૧ લાખ અને પ્રથમ પુરસ્કાર માનવરહિત રેલ્વે ક્રોસીંગ પર અકસ્માત નિવારવાના તેના સંશોધન માટે મળ્યો છે. મુખ્યમંત્રીએ આ પુરસ્કાર પ્રાપ્ત યુવાનોને હજુ વધુ ઉત્કૃષ્ટ પ્રદાન સમાજ શ્રેયાર્થે કરીને વિશ્વમાં જીટીયુ અને ગુજરાતનું નામ ઉજ્જવળ બનાવવાની પ્રેરણા આપી હતી.

ભૂગોળના પેપરના જવાબ ગુજરાતીમાં આપવા અંગેની રિટ મામલે

# જીપીએસસીને ઉમેદવારનું પરિણામ જાહેર કરવા કૉર્ટનો નિર્દેશ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત નાગરિક સેવા માટેના વર્ગ-એક અને બે અને વહીવટી સેવાઓ માટેના વર્ગ-૧ની જીપીએસસી દ્વારા લેવાયેલી પરીક્ષામાં ભૂગોળના પેપરના જવાબો ગુજરાતીમાં આપવા દેવાની માગ સાથે થયેલી રિટમાં હાઈકોર્ટના જસ્ટિસ એસ.જી. શાહે અરજદાર ઉપરાંત અન્ય ૧૪ ઉમેદવારોના પરિણામો જાહેર કરવાનો આદેશ જીપીએસસીને કર્યો છે. અરજદાર પરીક્ષાર્થીની રિટને આંશિક રીતે ગ્રાહ્ય રાખતા હાઈકોર્ટે જીપીએસસીના સોફ્ટવેરની ટેકનિકલ ખામીનો ભોગ ઉમેદવારને ના બનાવી શકાય તેવું અવલોકન કરતા નોંધ્યું છે કે, 'ગુજરાતી માધ્યમની પસંદગીનો વિકલ્પ ના હોય અને તેમ છતાંય અરજદારને પરીક્ષા આપવા માટે સિલેક્ટ કરવામાં આવ્યા હોય તેવા સંજોગોમાં અરજદારનું પરિણામ અટકાવી શકાય નહીં. તેથી અરજદારનું પરિણામ જાહેર કરવું અને જો તે મેરિટમાં આવતો હોય તો તેને જોબની ઓફર કરવાની રહેશે.'

હાઈકોર્ટે આ કેસમાં ચુકાદો આપ્યો છે કે, 'આ અરજી આંશિક રીતે ગ્રાહ્ય રાખવામાં આવે છે અને જીપીએસસીને અરજદારનું પરિણામ જાહેર કરવાનો આદેશ કરવામાં આવે છે. મેરિટ લિસ્ટમાં તેનો સિરીયલ નંબર કન્ફર્મ કરવાનો રહેશે અને જો તે સફળ ઉમેદવારો પૈકી આવતો હોય તો અગાઉના હાઈકોર્ટના ચુકાદાને આધારે નિયમો મુજબ નિમણૂક કરવાની રહેશે.'

આ સમગ્ર મામલે રિટ પિટિશન કરીને એવી દાદ માંગવામાં આવી હતી કે, 'અરજદાર અને અન્ય ૧૪ ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષાના વૈકલ્પિપ પેપર-ત્રણ ભૂગોળ વિષયના જવાબ ગુજરાતી ભાષામાં આપવાની તક આપવામાં આવે. આ માટે અરજદાર વ્યાજબી રકમ ડિપોઝિટ કરાવવા માટે પણ તૈયાર છે.' આ રિટમાં ચુકાદો આપતા હાઈકોર્ટે નોંધ્યું હતું કે, 'આ પોસ્ટ માટેની જાહેરાત વર્ષ ૨૦૧૪માં આવી હતી અને આટલા વર્ષોનો ગાળો જોતા ફ્રેશ પરીક્ષા આપવાનો હુકમ કરવા કરતા અરજદારના ભૂગોળના પેપરની સ્ક્રુટિની કરવાનો આદેશ યોગ્ય જણાય છે. જીપીએસસી અરજદારનો પરિણામ જાહેર કરે જેથી એ નિશ્ચિત થઈ શકે તે નિમણૂક માટેની યોગ્યતા ધરાવે છે કે કેમ.'

હાઈકોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, 'જીપીએસસીએ સોગંદનામામાં જણાવ્યું છે કે ભરતી માટેની જાહેરાત અને નિયમો મુજબ ભૂગોળ વગેરે વિષયોના પેપર અંગ્રેજીમાં જ આપવાના છે. જો કે, અરજદારે જ્યારે ગુજરાતી માધ્યમની પસંદગી કરી હતી ત્યારે તેમના સોફ્ટવેર કે પછી રિક્રુટમેન્ટ પ્રોસેસે આ માધ્યમની પસંદગીને નકારી કાઢી નહોતી. તેનાથી વિપરીત અરજદારને પરીક્ષા ખંડમાં પ્રવેશ માટેનો પત્ર ઈશ્યૂ કર્યો હતો. જેમાં એવું સ્પષ્ટ કરાયું હતું કે તેણે ભૂગોળને વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યો છે અને તેની પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રાખ્યું છે. એટલું જ નહીં અરજદારને પરીક્ષામાં બેસવાની મંજૂરી પણ આપી હતી. તેવા સંજોગોમાં તેઓ અરજદારના પરિણામને જાહેર કરતા અટકાવી શકે નહીં. અહીં એ નોંધવું રહ્યું કે આ પ્રકારની પ્રોસેસમાં ટેકનોલોજીમાં યોગ્ય સોફ્ટવેર અને ફેસિલિટી ઉમેદવારોને ફાળવવી જોઈએ.'

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**